# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૮ | ૧૭ ઓક્ટોબર, ૨૦૧૨, બુધવાર; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જિલ્લામાં વધુ સાડાચાર લાખ પકડાયા

### ચિલોડા સર્કલ પાસે રાજસ્થાન પાસીંગવાળી ગાડીમાંથી ૪,૬૭,૫૦૦ની રોકડ રકમ સ્ટેટીક સર્વેલન્સ ટીમે વાહન સાથે પકડાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાંથી આજે વધુ એક ગાડી સ્ટેટીક સર્વેલન્સ અને ફલાઈંગ સ્કવોડની ટીમે રૂ. ૪,૬૭,૫૦૦ની રોકડ રકમ લઈ જતી પકડી પાડી છે. ગઈકાલે બે વાહનો પકડાયા બાદ આજે વધુ એક વાહન પકડાતાં રૂપિયાની હેરાફેરી કરતા તત્વોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે ચિલોડા સર્કલ પાસે આ ગાડી પકડાઈ હતી. રાજસ્થાનનું પાસિંગ ધરાવતી આ ગાડી ઉદેપુરથી નીકળી હતી. મળતી વિગતો મુજબ ગાડીમાં રોકડ મળતાં જ તંત્રએ તાત્કાલિક ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓને આની જાણ કરી હતી અને ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓ તુરત જ સ્થળ પર પહોંચી જઈ આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે રાજસ્થાનમાંથી ડમ્પરની ખરીદી કરવા વેપારી નીકળ્યો હતો. આ ખરીદી પેટે તેને એક ખાનગી બેંકમાં અમદાવાદ ખાતે આ નાણાં ભરવાના હતા.

ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા આ અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. રાજસ્થાનના રહીશનું નામ રાજેશભાઈ ગોપાલભાઈ દરગર છે અને ગાડીનો નંબર આર જે-૨૭-સીડી-૫૩૪૫ છે.

ગાંધીનગર જિલ્લાની સ્ટેટીક સર્વેલન્સ ટીમે બે જ દિવસમાં રૂ. ૧૦ લાખથી વધુની મત્તા પકડી પાડી છે. બીજી તરફ સ્ટેટીક સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવાનો તંત્રએ નિર્ણય કર્યો છે. આ માટે વધુ ત્રણ ટીમોને આજથી કાર્યરત કરી દેવામાં આવી છે.

જિલ્લામાં બે વિધાનસભા મતવિસ્તારો આર્થિક રીતે સંવેદનશીલ જણાતા તંત્રએ આયકર ઈન્ટેલીજન્સની વીંગને પણ કાર્યરત કરી દીધી છે અને ૧૦ થી પણ વધુ અધિકારીઓ જિલ્લાતંત્રને હવાલે સ્ટેટીક સર્વેલન્સમાં સહાયરૂપ થવા મુકી દીધા છે. મળતી વિગતો પ્રમાણે જેમ જેમ ચૂંટણીના દિવસો નજીક આવશે તેમ તેમ કાર્યરત ટીમોની સંખ્યામાં વધારો થશે. અત્યાર સુધીમાં ૨૨ જેટલી જુદી જુદી ટીમો કાર્યરત થઈ ચુકી છે. છેલ્લા તબક્કામાં આ સંખ્યા ૮૨ પર પહોંચી જશે.

ચૂંટણી પંચે ખર્ચ નિયંત્રણ પર આ વખતે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. પંચે રૂ. ૨.૫૦ લાખથી વધુની હેરાફેરી પર પ્રતિબંધ લાદ્યો છે તેમજ બેંકોને પણ શંકાસ્પદ ઉપાડ જણાય તો તાત્કાલિક તંત્રને જાણ કરવા પણ તાકીદ કરી છે જે ઉલ્લેખનીય છે.



(તસવીર : દિપક જાની)

જ્યોતિ મહિલા મંડળ દ્વારા સતત ૩૯ વર્ષમાં ગરબા સ્પર્ધાનું આયોજન સેકટર-૧૨ સ્થિત બલરામ મંદિરના પરિસરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૫ વર્ષથી લઈને ૭૫ વર્ષના માજી જોડાયા હતા. દર પહેલી નવરાત્રીએ આ સ્પર્ધાનું આયોજન થાય છે. માથે બેડા, કળશ અને માંડવડી લઈને મહિલાઓ ગરબે ઘુમી હતી.

## ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટે ભાજપના ત્રણ નિરીક્ષકો

### શિક્ષણમંત્રી રમણલાલ વોરા, ધારાસભ્ય રજનીકાન્ત પટેલ અને અલકાબેન મોદી ઉમેદવારોની રજુઆત સાંભળશે

ગાંધીનગર, તા.૧૬

ભારતીય જનતા પક્ષે વિધાનસભાની જિલ્લાની પાંચ બેઠકોના ઉમેદવારની પસંદગી અંગે ત્રણ નિરીક્ષકોની નિમણુંક કરી છે. શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરાની અધ્યક્ષતામાં આ નિરીક્ષકો જિલ્લાના કાર્યાલય ખાતે ઉમેદવારો અંગેની રજુઆતો સાંભળશે.

ગાંધીનગર જિલ્લા માટે શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરા ઉપરાંત ધારાસભ્ય શ્રી રજનીભાઈ પટેલ ત્થા અલકાબેન મોદીની નિમણુંક આપવામાં આવી છે.

ગઈ કાલે ગાંધીનગર નજીક એક ખાનગી સ્થળ પર મળેલ પ્રદેશ નેતાઓની બેઠકમાં જિલ્લાવાર નિરીક્ષકો મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે પ્રદેશ સમિતિએ જિલ્લાવાર નિરીક્ષકોના નામની ઘોષમા પણ કરી દીધી છે.

સાબરકાંઠા જિલ્લા માટે શ્રી ભરતભાઈ પંડયા, શ્રી પરબતભાઈ પટેલ અને નયનાબેન પટેલની નિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે. મહેસાણા જિલ્લા માટે શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી અંબાલાલ રોહિત અને દર્શનાબેન જરદોસની નિમણુંક કરવામાં આવી છે. પાટણ જિલ્લા માટે ડૉ. અનિલભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ભાવસાર, દર્શનાબેન વાઘેલાની તથા બનાસકાંઠા માટે કાનાજી ઠાકોર, પૃથ્વીરાજ પટેલ અને હંસાકુંવરબા રાજની નિમણુંક કરવામાં આવી છે.

આ નિરીક્ષકો ૩૦મી સુધી ઉમેદવારો અંગેની રજુઆત સાંભળી અને પ્રદેશ સમિતિને પોતાનો અહેવાલ આપી દેશે.

ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારોની રજુઆત સાંભળવા માટે આગામી સપ્તાહના આરંભમાં નિરીક્ષકો ગાંધીનગર આવી પહોંચશે તેમ ભાજપના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



આદ્યશક્તિની આરાધના - નવરાત્રી વાજતે ગાજતે આવી... ગાંધીનગરના રાજમાર્ગોની આસપાસ નાની દેરીઓને શણગારી ભાવિક ભક્તોએ આદ્યશક્તિની ભક્તિ આરાધના કરી હતી... (તસવીર : દિપક જાની)

## ગુજરાતમાં મતદારોની સંખ્યા પાંચ દશકમાં ૨૮૩ ટકા વધી

અમદાવાદ, તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ ચરમસીમા ઉપર છે ત્યારે મતદારની ટકાવારીને લઈને પણ સતત ચર્ચા થતી રહે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વર્ષ ૨૦૦૭માં જે ચૂંટણી યોજાઈ હતી તેમાં ૫૯.૭૭ ટકા મતદાન થયું હતું. આ વખતે ટકાવારી કેટલી રહે છે તેને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. અલબત્ત છેલ્લી ચાર ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે.

આ ગાળા દરમિયાન મતદાનની ટકાવારી આશરે ૬૦ ટકાની આસપાસ રહી છે પરંતુ ૬૦ ટકાની આસપાસની મતદાનની ટકાવારી પૂરતી છે કે કેમ તેને લઈને હમેશા ચર્ચા રહે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં હજુ સુધી આશરે ૪૦ ટકા જેટલા મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરતા નથી. મતદાનની ઓછી ટકાવારીને લઈને ચૂંટણી પંચ પણ ચિંતિત રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

## અદાણીના મુન્દ્રા એસઈઝેડની જમીન કેન્દ્રએ રદ કરી દીધી

### કચ્છમાં મૂળ એસઇઝેડ પાસે જંગલની ૧૮૪૦ હેક્ટર જમીનમાં નિયમોઅને કાનૂનનો ભંગ કર્યો હોવાનું કારણ

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના ઔદ્યોગિક જૂથ અદાણીને ભારત સરકારે ઝટકો આપ્યો છે. કચ્છના મુંન્દ્રા સ્થિત સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં ૧૮૪૦ હેક્ટર જંગલની જમીનની મંજૂરી પાછી ખેંચી લીધી છે, જો કે આ નિર્ણયથી મૂળ ઝોનને કોઈ અસર થાય તેમ નથી.

ભારત સરકારના કોમર્સ મંત્રાલયે કહ્યું છે તે અદાણીએ ત્રણ બાબતોમાં નિયમ અને કાનૂનનો ભંગ કર્યો છે. ખાસ કરીને અદાણીએ કોન્ટીગ્યુઈટીના નિયમોને કન્ફોર્મ કર્યા નથી. બીજું કંપનીએ ગેરકાનૂની રીતે બાંધકામ પણ શરૂ કરી દીધું છે.

કેન્દ્રના વાણિજ્ય મંત્રાલય દ્વારા લેવાયેલા આ નિર્ણયના રાજકીયરીતે ઘેરા પડઘા પડી શકે છે. મંજૂરી રદ કરવાનો નિર્ણય કેન્દ્રીય વાણિજ્ય મંત્રી આનંદ શર્માએ લીધો છે. તેમના વિભાગના અધિકારીઓએ મુંન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી તે પછી કંપનીને શોકોઝ નોટીસ આપવામાં આવી હતી.

ગયા ઓગષ્ટ મહિનામાં વાણિજ્ય સચિવ એસ.આર.રાવે હિયરીંગ પણ કર્યુ હતું જે દરમ્યાન અદાણી જૂથ દ્વારા વિવિધ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રાલયને આ દસ્તાવેજોમાં વજૂદ નહીં લાગતાં ૧૮૪૦ હેક્ટર જમીનની મંજૂરીને રદ કરવામાં આવી છે.

અદાણીને મુંન્દ્રામાં સરકારે ૬૫૦૦ હેક્ટર જમીન એસઈઝેડ માટે અગાઉ આપેલી છે. જેની સાથે ફ્રી ટ્રેડ ઝોનની ૨૦૦ હેક્ટર જમીન થાય છે, એ ઉપરાંત ૧૮૪૦ હેક્ટર જંગલની જમીન અદાણીને આપવામાં આવેલી છે અને તેમાં નિયમોનો ભંગ થતાં કેન્દ્ર સરકારે મંજૂરી રદ કરી દીધી છે.



**મકાન વેચવાનું છે**

સેક્ટર-૨૨માં પ્લોટ નં. ૪૦૭/૨, ૧૩૫ વાર ઉપર-નીચે ફુલ ફર્નીચર, ગેસ પાઈપ લાઈન સાથે આપવાનું છે.

સંપર્ક : ૯૬૬૨૧૫૮૭૬૧
દલાલ આવકાર્ય છે



**જન્મદિને શુભકામનાઓ**



**શ્રી ફકીરભાઈ વાઘેલા**
મા. મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
જન્મ તારીખ : ૧૭/૧૦/૧૯૫૨

આપ જીઓ હજારો સાલ, સાલકે દિન હો પચ્ચાસ હજાર
સામાજીક ન્યાય મંત્રી અને ઝુઝાર નેતા
માન. શ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબને જન્મદિનની શુભેચ્છાઓ...

લિ.

**નયનભાઈ સોલંકી** પ્રદેશ કા. મંત્રી
**ગોવિંદભાઈ પરમાર** વિ. પ્રદેશ કા.સ. (કાઉન્સીલર)
**ચંદ્રવદન પરમાર** ગાંધીનગર શહેર પ્રમુખ
**ખોડીદાસ મકવાણા** ગાં. શ. મહામંત્રી
**અશોકભાઈ રાઠોડ** વિ.પ્ર.કા.સ. ઉપપ્રમુખ
**મનુભાઈ સોલંકી** વિ.પ્ર.કા.સ. ચેરમેન સા. ન્યા. સમિતિ, દહેગામ
**ભરતભાઈ સોલંકી** શહેર પ્રમુખ, કલોલ
**કનુભાઈ સોલંકી** શહેર મહામંત્રી
**બિપીનભાઈ પરમાર**
**ડો. સોમભાઈ પરમાર**
**નરેન્દ્રભાઈ પરમાર** (નોટરી) ઉપપ્રમુખ
**દિલીપભાઈ મોર્ય**

**મુકેશભાઈ પરમાર** પ્રદેશ સં. મંત્રી, પૂર્વ પ્રમુખ ન.પા. કલોલ
**કાન્તીભાઈ પરમાર** જિલ્લા પ્રમુખ
**ધર્મેન્દ્રભાઈ ભાલકીયા** એડવોકેટ
**હરિસિદ્ધભાઈ શ્રીમાળી** (નોટરી), મહામંત્રી
**મહેશભાઈ પટેલ** ગાં. જિ. મહામંત્રી
**શ્રીમતી હર્ષાબેન સુતરીયા** કોષાધ્યક્ષ
**મનુભાઈ પરમાર**
**વિનોદભાઈ ગોહેલ** તા. પ્રમુખ
**મનુભાઈ ચાવડા** - મંત્રી
**ગિરિશભાઈ પંડ્યા** - મંત્રી
**ધર્મેન્દ્રભાઈ રાઠોડ** ગાં. શ. મહામંત્રી
**જગમાલભાઈ ઝાલા**
**ડો. જયંત શ્રીમાળી**

**દલિત અધિકાર સંઘ, ગાંધીનગર**



10,000+ થી વધુ જગ્યાઓ માટે
GPSC
1350+ જગ્યાઓ!
8000+ જગ્યાઓ!
ગુજરાત સરકાર
1400+ જગ્યાઓ!
TCCI EDU. PVT. LTD.
HELPLINE NO 95740 04327 93287 14508
તા. 29-11-2012 થી નવી બેચ શરૂ... !!!

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

GPSC, સબ રજીસ્ટ્રાર, Dy.SO BANK, તલાટી, કલાર્ક, POST
ગણિત-અંગ્રેજીની
**વિવેકાનંદ એકેડમી**
મો. 99256 98721

લેટેસ્ટ ડીઝાઈનમાં
જીન્સ-કોટન પેન્ટ: ૨ પેન્ટ ૪૯૫/- ૬૯૫/- ૭૯૫/- ૯૯૫/- ૧૧૯૫/-
શર્ટ અને ટી શર્ટ: ૨ નંગ ૪૯૫/- ૬૯૫/- ૭૯૫/- ૯૯૫/-
(Factory Outlet) સમય ૧૦ થી ૮
**મુરલીધર**
● C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.
● ૧૬, ન્યુ ગ્રીન માર્કેટ, ખોખરા, અમદાવાદ.